SAURASHTRA UNIVERSITY

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

Office of the
Saurashtra University University Road,
RAJKOT- 360 005

Re-Accredited Grade "A" by NAAC
(CGPA 3.05)

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કાર્યાલય, યુનિવર્સીટી રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૫

ટેલીફોન : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧, ૨૫૭૬૦૩૦, ૨૫૭૬૦૪૦, ૨૫૭૬૦૫૦ એક્સટેન્શન નંબર • ૭૩૩ - ૭૩૫

ફેકસ નંબર : (૦૨૮૧) – ૨૫૮૬૪૧૧ વેબસાઈટ www. saurashtrauniversity. edu

**વર્ષ ૨૦૧૬થી નોંધાયેલા તમામ એકસ્ટર્નલ વિધાર્થીઓ માટે**

પરિપત્રઃ–

સંદર્ભઃ– પરિપત્ર ક્રમાંક પરીક્ષા–૪/૫૩૭/૨૦૧૫ તા. ૦૩/૦૮/૨૦૧૫

ઉપરોકત સંદર્ભ વંચાણે લેતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૬થી નોંધાયેલા તમામ એકસ્ટર્નલ વિધાર્થીઓને જણાવવાનું કે પરીણામ જાહેર થયાની તારીખથી ૧૦ દિવસમાં રેગ્યુલર ફી સાથે તથા ત્યારબાદ ૩ દિવસમાં લેઈટ ફી સાથે ઓનલાઈન ફોર્મ external.saurashtrauniversity.co.in પર ભરવાનું રહેશે તથા નિર્ધારીત ફી પણ ઓનલાઈન ભરવાની રહેશે તથા પુનઃમુલ્યાકનમાં પરિણામમાં જો કોઈ ફેરફાર ન હોઈ તો નિયમ મુજબ No-Change હશે તો વિધાર્થીએ જાતે No-Change as per Rules લેટરની પ્રિન્ટઆઉટ વેબસાઈટમાંથી મેળવી લેવાની રહેશે.

વિશેષ નોધઃ– જે વિધાર્થીઓએ વર્ષ ૨૦૧૬થી સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ છે તેમણે external.saurashtrauniversity.co.in પર અગાઉ આપને મળેલ SMS કે જેમાં Username તથા Passward આપેલા છે તેનો ઉપયોગ કરી રીસએસેસમેન્ટ ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૬ પહેલા નોંધાયેલા તમામ એકસ્ટર્નલ વિધાર્થીઓને જણાવવાનું કે પરીણામ જાહેર થયાની તારીખથી ૧૦ વર્કીગ ડે સુધીમાં રી–એસેસમેન્ટ ફોર્મ તથા નિયત ફી રૂા.૨૫૦/– યુનિવર્સિટીના કેશ વિભાગમાં કાર્યાલય સમય ૧૧:૦૦ A.M. થી ૦૨:૦૦ P.M. અને ૦૩:૦૦ P.M. થી ૦૪:૦૦ P.M. સુધીમાં જમા કરવાની રહેશે નિયત કરાયેલ ૧૦ દિવસ બાદ વધારાના ત્રણ વર્કીગ ડેમાં રી–એસેસમેન્ટ ફી રૂા.૨૫૦/– + લેઈટ ફી રૂા.૫૦૦/– = રૂા. ૭૫૦/– ધ્વારા રી–એસેસમેન્ટ ફોર્મ ભરી શકશે ફોર્મની સાથે જે તે પરીક્ષાની વાંચી શકાય તેવી ઓનલાઈન માર્કશીટની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ સામેલ રાખવાની રહેશે, નિયત કરેલ સમય મર્યાદા બાદ આવેલ રી–એસેસમેનટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

પરીક્ષા નિયામક

નં.પરીક્ષા–૪/૧૪૧૫ઓનલાઈન/૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ–૫
તા.૧૪/૦૭/૨૦૧૭

નકલ સાદર રવાનાઃ–

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અને પરીક્ષા નિયામકશ્રીના અંગત સચિવશ્રી
(૨) વેબસાઈટમાં પ્રસિધ્ધ કરવા,પરીક્ષા વિભાગ

# પુનઃમૂલ્યાંકન નિયમો અને સૂચનાઓ

૧. નિર્ધારીત સમય-મર્યાદામાં ફી સાથે વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકન ફોર્મ ઓનલાઈન ભરવાનું રહ્શે. વિદ્યાર્થી કેટલા વિષયમાં પુનઃમૂલ્યાંકન કરાવી શકે છે, તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પરીક્ષા | કેટલા પેપરનું પૂનઃમૂલ્યાંકન થઇ શકે. |
|---|---|---|
| ૧. | ડિગ્રી કક્ષાની છેલ્લા વર્ષની પરીક્ષા | ૨ |
| ૨. | અનુસ્નાતક પરીક્ષા | ૨ |
| ૩. | પીજી. ડિપ્લોમાં પરીક્ષા | ૨ |
| ૪. | ક્રમ ૧,૨,૩ સિવાયની અન્ય પરીક્ષા | ૧ |

૨. વિદ્યાર્થીએ નિયત કરેલ ઓનલાઈન અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપૂર્ણ ભરીને જે તે પરીક્ષાનું પરિણામ જાહેર કર્યાની તારીખથી ૧૦ દિવસોમાં ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે તથા ૧૦ દિવસોપુરા થયા બાદ વિદ્યાર્થીએ૦૩દિવસમાં નિયત લેઈટ ફીમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

૩. પુનઃમૂલ્યાંકન માટે વિષયદીઠ / પ્રશ્નપત્ર દીઠ ફી રૂા.૨૫૦/- રહેશે તથા લેઈટ ફી પેમેન્ટ વિષયદીઠ / પ્રશ્નપત્ર દીઠ ફીરૂા.૨૫૦/- રેગ્યુલર + રૂા.૫૦૦/- લેઈટ ફી= રૂા.૭૫૦/- ભરવાની રહેશે.

૪. પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહિ કે ભરેલી ઓનલાઈન ફીની રકમ પરિણામમાં ફેરફાર થાય કે ન થાય છતાં પરત મળી શકશે નહિ.

૫. અધૂરી અને ખોટી વિગત ભરેલી ઓનલાઈન અરજીઓ, નિયત ફી સિવાયની અપૂર્ણ કે ઓફ લાઈન અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ, અને તે અંગે પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૬. આંતરિક ગુણાંકન, M.C.Q., પ્રેક્ટિકલ, વાઈવા,ડીઝર્ટેશન, ટર્મવર્ક, સેમિનાર, પ્રોજેક્ટ-વર્ક વગેરેની કોઈપણ પરીક્ષાની પુનઃમૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહિ. અને એક્ષ્ટર્નલ પરીક્ષામાં એસાઈમેન્ટનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે નહિ.

૭. નિર્ધારીત કરતાં વધારે પેપરની ફી ભરવી નહિ. તથા નિયમ મુજબ બે પેપરનું પુનઃમૂલ્યાંકન કરવાનું થતું હોય તો તે માટે એક જ ફોર્મ ભરવાનું રહેશે.

૮. જે પરીક્ષાનું પરિણામ નીચલી પરીક્ષા પસાર કરેલ ન હોવાને કારણે ઓ. ૧૫૬ મુજબ અટકાવવા **(WithheldO.156)** માં આવ્યું હોય તેવા પરીક્ષાર્થીઓ પણ જો પુનઃમૂલ્યાંકન કરવા ઇરછતા હોય તો તેઓને પણ નિયત સમયમર્યાદામાં જ અરજી કરવાની રહેશે.

૯. જો કોઈ પરીક્ષાનાં ગુણ તેમની પરીક્ષાની અધુરી માહિતીના કારણે કે અન્ય કારણોસર જાહેર કરવામાં આવેલ ન હોય તેવા પરીક્ષાર્થીઓ જો પુનઃમૂલ્યાંકન કરાવવા ઈચ્છતા હોય તો તે મતલબની સાદા કાગળમાં અરજી કરી નિયત સમયમર્યાદામાં જાણ કરવાની રહેશે. આવા પરીક્ષાર્થીનું સત્તાવાર પરિણામ જાહેર થયા પછીથી દિવસ ૧૦માં નિયત નમૂનામાં જરૂરી ફી સાથે પુનઃમૂલ્યાંકન માટે અરજી કરવાની રહેશે.

૧૦. પુનઃમૂલ્યાંકનનાં પરિક્ષકે આપેલ ગુણ અને અસલ મૂલ્યાંકનનાં ગુણ વચ્ચેનો તફાવત જે તે પ્રશ્નપત્રનાં કુલ ગુણ ૮% કે તેથી વધુ હશે તો જ તે પ્રશ્નપત્રનાં ગુણમાં/પરિણામમાં ફેરફાર કરવામાં આવશે.

૧૧. જે પરીક્ષાર્થીએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી હોય તેણે પુનઃમૂલ્યાંકનનાં પરિણામ કે પ્રત્યુત્તરની રાહ જોયા વિના તેમના અસલ જાહેર થયેલા પરિણામ અનુસાર ઉપલી પરીક્ષાના વર્ગમાં પ્રવેશ મેળવવા કે અન્ય પ્રકારની અરજી કરવાની હોય કે આવેદનપત્ર ભરવાનું થતું હોય તો સમયમર્યાદામાં જે તે કાર્યવાહી કરી લેવાની રહેશે.

૧૨. પુનઃમૂલ્યાંકનનું પરિણામ મોડું જાહેર થવાના કારણે ઉપલા વર્ગમાં મોડો પ્રવેશ મેળવવા માટે કોઈ પરીક્ષાર્થી હક્કદાર રહેશે નહિ અને તે માટે તેમજ અન્ય કોઈપણ પ્રકારના (નાણાં-સમય-તક) ક્લેઈમ કરી શકશે નહિ. પરંતુ જો કોલેજ સંસ્થા કે ભવનમાં પ્રવેશ આપ્યા બાદ ખાલી રહેતી જગ્યા હોય અને કોલેજ કે ભવન આવા પરીક્ષાર્થીને પ્રવેશ આપશે તો તેમની ખૂટતી હાજરી યુનિવર્સિટી કોન્ડોન કરી શકશે.

૧૩. વિદ્યાર્થીએ નિયમિત રીતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બાહ્ય અભ્યાસક્રમો માટેની વેબસાઈટ**external.saurashtrauniversity.co.in** દ્વારા સંપર્કમાં રહેવું.

૧૪. વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકનનું પરિણામની વિગત વેબસાઈટ મારફત મેળવવાની રહેશે. વિદ્યાર્થી પોતાના **Login ID**દ્વારા પોતાનું પરિણામ મેળવી શકશે. જો પુનઃમૂલ્યાંકન કરવાથી વિદ્યાર્થીનાં પરિણામમાં સુધારો ન થાય, તેવા કિસ્સામાં વિદ્યાર્થીને પત્રવ્યવહાર દ્વારા જાણ કરવામાં નહિ આવે.(એટલે કે **No Change As Per Rules**નો પત્ર નહિ આવે.) જે વિદ્યાર્થીઓનું પરિણામ સુધરે છે, તેવા કિસ્સામાં તેઓને માર્કશીટ તેમનાં પત્રવ્યવહારનાં સરનામે મોકલવામાં આવશે.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબંધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે અને તે સંબધિત પરીક્ષાર્થીને બંધનકર્તા રહેશે.